# VASISHTHA GROUP OF SCHOOL

(GUJARATI MEDIUM | BILINGUAL MEDIUM)

## ।। विद्याधनं सर्वधनात् प्रधानम् ।।

**કેળવણી : બાળઘડતરની દીવાદાંડી**

# વાર્તાલાપ (Communication)



**:: DATE ::**

**09-08-2024 TO 19-08-2024**

આત્મીય વાલીશ્રી, વંદે માતરમ્

મનુષ્ય સામાજિક પ્રાણી છે. તે પોતાના વિચારો, જ્ઞાન, લાગણી કે સંવેદના વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી. કોઈપણ પ્રકારના માધ્યમ થકી તે પોતાના ભાવોને અવશ્ય વ્યક્ત કરવાનો જ. જીવનમાં દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરવા માટે ખૂબ જ મહત્વનું કૌશલ્ય જો કોઈ હોય તો તે **વાર્તાલાપ (Communication)** છે. આ કૌશલ્યમાં આપણે જેટલા પ્રવીણ હોઈશું તેટલા જ સફળ થઈશું. વિધાર્થીઓએ લેખિત, મૌખિક કે બિનમૌખિક જેવા કોઈપણ પ્રકારે આ સ્કીલને હસ્તગત કરવી જરૂરી છે. સફળ થવા માટેની આ એક અનિવાર્ય ચાવી છે. તો આવો સાથે મળીને આપણા બાળકોમાં આ મહત્વની સ્કીલનું વાવેતર કરવાનો પ્રયત્ન કરીએ આપ બાળક દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓના સાક્ષી બની તેને જરૂર પ્રમાણે માર્ગદર્શન આપતા રહો તેવી અપેક્ષા...

**"શબ્દ શણગારી પણ દે અને સળગાવી પણ દે છે."**

## વાર્તાલાપ (Communication)

**DATE : 09-08-2024 TO 19-08-2024**

### 09-08-2024 TO 14-08-2024

**પ્રવૃત્તિ 1 :-** કરિયાણા સ્ટોર્સ / સ્ટેશનરી / બેકરી / શાકભાજી માર્કેટ જેવા સ્થળ પર બાળક સાથે જવું, જ્યાં જે ખરીદી કરવાની હોય તેનો સંપૂર્ણ વાર્તાલાપ બાળક કરે અને વાલીશ્રીએ સાથે રહેવું.

**સૂચના:-** શું ખરીદવાનું છે તેની યાદી વાલીએ તૈયાર કરી બાળકને આપવાની રહેશે. કઈ કઈ દુકાનમાંથી ખરીદી કરવી તે પણ વાલી નક્કી કરશે અને બાળકને સાથે લઈને જવાનું રહેશે. દુકાન પર જઈ સૌ પ્રથમ દુકાનદારને જણાવવાનું રહેશે કે આજે સંપૂર્ણ ખરીદી બાળક કરશે.



### 15-08-2024 TO 19-08-2024

**પ્રવૃત્તિ 2 :-** કાકા-કાકી, મામા-મામી, નાના-નાની, દાદા-દાદી, ફોઈ-ફૂવા વગેરે જેવા સગા સંબંધીને ફોન કરી તેમની સાથે બાળક વાત કરશે. શું વાત કરવી તેનું માર્ગદર્શન વાલી આપશે મોટા બાળકો તેમની રીતે વાત કરી શકશે.

**સૂચના:-** સગા-સંબંધીમાંથી એક કે બે વ્યક્તિ સાથે બાળક ફોન પર વાત કરશે. કોની સાથે ક્યા સમયે વાત કરવી એ વાલીએ નક્કી કરવું. કોની સાથે વાત કરવી છે એ બાળક સાથે વાતચીત કરી નક્કી કરવું. પ્રથમ વાલીએ જે તે સભ્યને ફોન કરી જણાવવું કે બાળક તમને ફોન કરશે તમે એની સાથે વાત કરજો. નાના બાળકને વાલીએ ફોન કરી વાત કરાવવી. મોટા બાળકો જાતે કોલ કરી વાત કરશે.



**પ્રવૃત્તિ 3 :-** કુટુંબનાં / ગામનાં / મિત્ર વર્તુળમાં / સોસાયટીનાં પ્રતિષ્ઠિત વ્યક્તિ જેવા કે, શિક્ષક, ડોક્ટર, વકીલ, CA, એન્જિનિયર, ક્લાસ-1 કે 2 અધિકારી, સરપંચ, પ્રમુખ, બિઝનેસમેન વગેરેમાંથી એક-બે વ્યક્તિની મુલાકાત માટે બાળકને લઈ જવા. જ્યાં તેમની તેમના હોદ્દાને ધ્યાનમાં રાખીને બાળક તેમની સાથે વાર્તાલાપ કરશે.

**સૂચના:-** બાળક ભવિષ્યમાં જે બનવા ઈચ્છતા હોય, અથવા જેમનાથી બાળક પ્રભાવિત હોય તેવી પ્રતિષ્ઠિત વ્યક્તિની પસંદગી પર વાલીશ્રીએ વધુ ભાર મૂકવો અને વાલીશ્રીએ પણ તેમને એમાં મદદ કરવી. વ્યક્તિની પસંદગી કર્યા બાદ તેમનો અનુકૂળ સમય અને સ્થળ માટે વાલીશ્રીએ તેમની સાથે વાર્તાલાપ કરવો અને નક્કી કરેલા સમયે / સ્થળે બાળકને લઈ જવા. સાથે રહેવું અને ફોટોગ્રાફ્સ / વિડિયો લેવા અને વર્ગ શિક્ષકને મોકલવા.




**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ**
(ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ)
At.Po.: Vav, N.H.No.: 48, Tal.: Kamrej, Di.: Surat
Pin : 394326 Mo.: 91734 02809, 91733 15555

**વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ, બાબેન**
(ગુજરાતી માધ્યમ)
At & Po.: Baben, Opp. Avadh Life Style,Ta.: Bardoli,
Dist.: Surat (394601) Mo.: 91576 44555